| GJSK040008392023 | આંક | |
|---|---|---|
| | કેસ દાખલ તા: | ૨૮/૦૧/૨૦૨૩ |
| | કેસ રજી. તા: | ૨૮/૦૧/૨૦૨૩ |
| | કેસ ફેસલ તા: | ૧૨/૦૬/૨૦૨૬ |
| | સમય ગાળો: | વર્ષ–માસ–દિવસ |
| | | |

**ઈડરના મે.એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મું.ઈડર.**

**ફોજદારી કેસ નં.૭૯૭/૨૦૨૩**

**ફરીયાદી :– શ્રી સરકાર.**

**વિરુધ્ધ**

**આરોપીઓ :–** (૧) લોચન તુલસીરામ લાલજીભાઈ કલાલ
(૨) પ્રમોદ રમેશભાઈ નાથુભાઈ પટેલ
નં.૧ રહે.બીંછીવાડા લબાના બસ્તી,તા.બીંછીવાડા, જી.ડુંગરપુર,રાજસ્થાન
નં.૨ રહે.કેસરીયાજી થાણા,તા.કેસરીયાજી, જી.ઉદેપુર, રાજસ્થાન

**ગુન્હો :– પ્રોહી. એકટની કલમ–૬૫(એ)(ઈ),૧૧૬(બી),૮૧ મુજબ.**

---

**સરકારશ્રી પક્ષ તરફે :–** વિ.વ.શ્રી પી.બી.દવે.
**આરોપીઓ તરફે :–** ––

---

**–:ઠરાવ:–**

૧. આરોપી સામે ફરીયાદપક્ષના કેસની વિગત એવી છે કે,આ કામના આરોપીઓએ મોજે ઇડર લેથવાલા કોમ્પ્લેક્ષ પાસે હાઇવે રોડ ઉપર વગર પાસ પરમીટે ગે.કા.રીતે એકબીજાની મદદગારી કરી બે કાળા

થેલામાં ભારતીય બનાવટની વિદેશી દારૂની બ્લેનડર પ્રાઇડ વ્હીસ્કી ૭૫૦ મીલીની બોટલો કુલ નંગ–૧૮,કિ.રૂા.૧૮,૬૩૦/– તથા રોયલ ચેલેન્જ પ્રીમીયમ ડીલેક્ષ વ્હીસ્કી ૭૫૦ મીલીની બોટલ નંગ–૧૨,કિ.રૂા.૮૬૪૦ તથા સીમરન ઓફ ઑરેન્જ વોડકા ૭૫૦ મીલીની બોટલ નંગ–૨ કિ.રૂા.૨૩૧૦/– તથા એમ્પીયર બ્લુ સુપીરીયર ગ્રીન વ્હીસ્કી ૭૫૦ મીલીન કિ.રૂા.૧૮૦૦/–નો તમામ મુદ્દામાલ ફોર સેલ ઇન રાજસ્થાન બનાવટનો પ્રોહી.પ્રતીબંધક ગુજરાત રાજયમાં લઇ આવતાં પ્રોહી. વોચ દરમ્યાન મળી આવી પકડાઇ ગયેલ હોઇ તેમજ મોબાઇલ ફોન નંગ–૨ કિ.રૂા.૨૨૦૦૦/–મળી કુલ મુદ્દામાલ કિ.રૂા. ૫૩,૩૮૦/–ના મુદ્દામાલ સાથે આરોપીઓ મળી આવી પકડાઇ જઇ ગુનો કરેલ.જેથી આરોપીઓ સામે પ્રોહી.એકટની કલમ–૬૫(એ)(ઇ),૧૧૬(બી),૮૧મુજબની ફરીયાદ આપવામાં આવેલ.જેની તપાસના અંતે આરોપીઓ સામે પુરતો પુરાવો હોય ચાર્જશીટ રજુ કરેલ છે.

૨. આ કામના આરોપીઓ વિરૂધ્ધ સમન્સ–વોરંટ તથા જામીનદારને નોટીસ કાઢવા છતાં આરોપીઓ હાજર રહેલ નથી. આરોપીઓ નજીકના ભવિષ્યમાં મળી આવવાની શકયતા ન હોઇ સી.આર.પી.કલમ–૨૯૯ની જોગવાઇ ધ્યાને લઇ આરોપીની ગેરહાજરીમાં હાલની ટ્રાયલ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ તેથી આરોપીઓના નીવેદન લેવામાં આવેલ નથી.

3. ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

**(અ) <u>મૌખિક પુરાવો :–</u>**

| નંબર | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી ભુપેન્દ્રસિંહ જોરાવરસિંહની જુબાની | **૦૩** |
| ૨. | પંચ સાહેદ ગજેન્દ્રસિંહ ઈન્દ્રસિંહની જુબાની | **૦૫** |
| ૩. | પંચ સાહેદ બાલાજી સરદારજી મકવાણાની જુબાની | **૦૭** |

**(બ) <u>દસ્તાવેજી પુરાવો</u> :–**

| આંક | વિગત |
|---|---|
| ૦૪ | અસલ ફરીયાદ |
| ૦૬ | પંચનામુ |

ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષ તરફે ફરીયાદપક્ષનો પુરાવો પુર્ણ થયેલાનું મૌખિક જાહેર કરેલ છે.

**૪.** આ કામે ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતાં આરોપીઓનું ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવાના તબકકે આરોપી વિરૂધ્ધ ક્રિ.પ્રો.કોડ કલમ–૨૯૯ અન્વયે આરોપીઓની ગેરહાજરીમાં ટ્રાયલ ચલાવવાનો હુકમ થયેલ હોઈ વિશેષ નીવેદન નોંધવામાં આવેલ નથી.

**૫.** ત્યારબાદ સદર કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની દલીલો સાંભળી.

**૬.** સદરહું કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપિસ્થત થાય છે.

**<u>મુદ્દાઓ :–</u>**

**(૧)** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ મોજે ઈડર લેથવાલા કોમ્પ્લેક્ષ પાસે હાઈવે રોડ ઉપર

વગર પાસ પરમીટે ગે.કા.રીતે એકબીજાની મદદગારી કરી બે કાળા થેલામાં ભારતીય બનાવટની વિદેશી દારૂની બ્લેનડર પ્રાઇડ વ્હીસ્કી ૭૫૦ મીલીની બોટલો કુલ નંગ–૧૮,કિ.રૂા.૧૮,૬૩૦/– તથા રોયલ ચેલેન્જ પ્રીમીયમ ડીલેક્ષ વ્હીસ્કી ૭૫૦ મીલીની બોટલ નંગ–૧૨,કિ.રૂા.૮૬૪૦ તથા સીમરન ઓફ ઓરેન્જ વોડકા ૭૫૦ મીલીની બોટલ નંગ–૨ કિ.રૂા.૨૩૧૦/– તથા એમ્પીયર બ્લુ સુપીરીયર ગ્રીન વ્હીસ્કી ૭૫૦ મીલીન કિ.રૂા.૧૮૦૦/–નો તમામ મુદ્દામાલ ફોર સેલ ઇન રાજસ્થાન બનાવટનો પ્રોહી.પ્રતીબંધક ગુજરાત રાજયમાં લઇ આવતાં પ્રોહી. વોચ દરમ્યાન મળી આવી પકડાઇ ગયેલ હોઇ તેમજ મોબાઇલ ફોન નંગ–૨ કિ.રૂા.૨૨૦૦૦/–મળી કુલ મુદ્દામાલ કિ.રૂા. ૫૩,૩૮૦/–ના મુદ્દામાલ સાથે આરોપીઓ મળી આવી પકડાઇ જઇ ગુનો કરેલ.જેથી આરોપીઓ સામે પ્રોહી.એકટની કલમ–૬૫(એ)(ઇ),૧૧૬(બી),૮૧ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

**(૨)** શું હુકમ ?

**૭.** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**<u>:: કા ર ણો ::</u>**

**<u>મુદ્દા નં.૧</u> :**

૮. સદર મુદ્દાની સાબિતીનો બોજો પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ થી ૧૦૩ મુજબ ફરીયાદપક્ષ પર હોય ફરીયાદપક્ષે તેઓના કેસના સમર્થનમાં રજુ મૌખિક પુરાવો બાચાવપક્ષની ઉલટતપાસ સહિત ધ્યાને લેતાં તથા દસ્તાવેજી પુરાવો તથા બન્ને પક્ષે રજુ દલીલો ધ્યાને લેતાં, ફરીયાદપક્ષે તેઓના કેસના સમર્થનમાં પુરાવો જોતાં, ફરીયાદ પક્ષ તરફે આંક–૦૩થી ફરીયાદી ભુપેન્દ્રસિંહ જોરાવરસિંહ સીસોદીયા ને તપાસવામાં આવેલ છે.તેઓ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે,આ કામના આરોપીઓએ પોતાના કબજાના કાળા થેલામાં ઇંગ્લીશ દારૂની જુદી જુદી બ્રાન્ડની બોટલ નંગ–૩૫, કિ.રૂા.૩૧,૩૮૦/–ની મળી આવતાં પંચનામાની વિગતે કબજે કરેલ

તથા મોબાઇલ ફોન નંગ-૨, કિ.રૂા.૨૨૦૦/-ગણી પંચનામાની વિગતે પંચો રૂબરૂ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ અને આંક-૦૪ થી રજુ ફરીયાદને અનુરૂપ પુરાવો આપે છે પરંતુ આ કામે પ્રથમ પંચનામું કર્યા બાદ ફરીયાદ આપવામાં આવેલ હોવા છતાં ફરીયાદમાં પંચોના નામ જણાવવામાં આવેલ નથી તેમજ કયાં વાહનમાં પેટ્રોલીંગમાં હતા તે ફરીયાદમાં જણાવેલ ન હોવાનુ તેમજ બનાવ સ્થળ જાહેર વિસ્તાર હોય બનાવવાળા સ્થળેથી સ્વતંત્ર સાહેદો સહેલાઈથી મળી શકે તેમ હોવા છતાં આ કામે પોલીસ સાહેદો સિવાય સ્વતંત્ર સાહેદોના કોઈ નિવેદનો લેવામાં આવેલ નથી તેમજ આ કામે ફરીયાદપક્ષ તરફે આંક-૦૫થી પંચ સાહેદ ગજેન્દ્રસિંહ ઈન્દ્રસિંહ રાઠોડ તથા આંક-૦૭થી બાલાજી સરદારજી મકવાણાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે.સદર પંચ સાહેદો આંક-૦૬થી રજુ પંચનામામાં પોતાની સહીઓ ઓળખી બતાવવા સિવાય પંચનામાંની હકીકતને સમર્થન કરતા નથી.એ સંજોગોમાં આ કામે ફરીયાદીની ફરીયાદ મુજબ પંચોની હાજરીમાં પંચનામું કરી પ્રોહી. મુદ્દામાલ કબજે કરેલાની હકીકત પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે.એ સંજોગોમાં આ કામે તપાસવામાં આવેલ પંચો જયારે ફરીયાદપક્ષના કેસને સમર્થનકારક કોઈ જ પુરાવો રજુ રાખતા ન હોય,નામદાર ગુજરાત હાઈકોર્ટે પ્રસ્થાપિત સિધ્ધાંતોને ધ્યાને લેવામાં આવેલ છે.

2016 (4) GLR 3159
THE STATE OF GUJARAT
vs
YADVENDRASING SARDAR SURJITSING JAT (SHIKH) &

*"In that view of the matter, consequently, the entire procedure he carried out appears to be tainted and*

> *based upon such investigation, no conviction can be recorded. Even otherwise also the panchas have not supported the prosecution case and the case of the prosecution is not getting corroboration with the evidence and, therefore, finding recorded by the learned trial court is just and proper."*

આમ, જયારે આ કામે માત્ર પંચ સાહેદો સ્વતંત્ર સાહેદો છે અને તેઓ પણ ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપતા નથી તેમજ આ કામે પોલીસ સાહેદનો જો પુરાવો નોંધવામાં આવે તો પણ તેઓના પુરાવાથી આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી.તેવા સંજોગોમાં ફરીયાદપક્ષના કેસ મુજબ પકડાયેલ પ્રોહી.મુદ્દામાલ બાબતે શંકા ઉદ્દભવે છે.આમ,ફરીયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોય, મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

**:: હુકમ ::**

૧. આ કામના આરોપી (૧) લોચન તુલસીરામ લાલજીભાઇ કલાલ,(૨) પ્રમોદ રમેશભાઇ નાથુભાઇ પટેલનાઓને ક્રિ.પ્રો. કોડની કલમ-૨૪૮ (૧)અન્વયે પ્રોહીબીશન એકટની કલમ-૬૫(એ)(ઇ),૧૧૬(બી) ,૮૧ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા માંથી શંકાનો લાભ આપી છોડી મુકવામાં આવે છે.

૨. સદર ગુન્હાના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ પાવતીમાં જણાવ્યા મુજબના પ્રોહી.મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમોનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.તેમજ મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલ મોબાઇલ અંગે જો કોઇ અગાઉ હુકમ

થયેલ હોય તો તે આથી કાયમ કરવામાં આવે છે અને જો કોઇ હુકમ થયેલ ન હોય તો મુદ્દામાલના રજી.માલિકની ખાત્રી કરી તેને પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

3. ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭ અન્વયે આ કામના આરોપીએ રૂા.૧૫,૦૦૦/–(રૂપિયા પંદર હજાર પુરા)ના જામીન અને જાતમુચરકા રજુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૨મી,માહે:જુન,સને:૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં, વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ: ઈડર
તા.૧૨/૦૬/૨૦૨૬

**( ડૉ.સ્તુતિ.ડી.કાપડીયા)**
**એડી.ચીફ જ્યુડી. મેજી.મુ.ઇડર**
**જજ કોડ નં.જી.જે ૦૧૩૫૬**

//R.N.P.//